# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૩ તા.૦૩-૧૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ સંદર્ભે શાળા સફાઇ અને બુથની આનુષાંગિક વ્યવસ્થા અંગે.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તા.૦૫-૧૨-૨૦૨૨ના રોજ ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની બીજા તબક્કાની ચૂંટણી હોઇ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની તમામ શાળાઓમાં ચૂંટણી બુથ આવેલા છે. મોટા પ્રમાણમાં અમદાવાદ શહેરના સુજ્ઞ નગરજનો મતદાન માટે મ્યુનિ. શાળાઓમાં આવશે. મ્યુનિ. શાળાઓમાં રહેલા સેનીટેશન, વર્ગખંડો અને મેદાનની સફાઇ તેમજ પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી અને સમગ્ર શાળાનું સમગ્ર પરિસર સુંદર દેખાય તેમજ સેનીટેશનની સફાઇ આજ બપોરે શાળા સમય બાદ અને આવતીકાલે પણ થાય તે બાબત તમારા દ્વારા સ્વયં ખરાઇ થઇ જાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવા સુચના આપવામાં આવે છે.

તા.૦૩-૧૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**અગત્યની નોંધ :**

**વિષય : તા.૦૬-૧૨-૨૦૨૨ ચૂંટણીના બીજા દિવસની વ્યવસ્થા ગોઠવવા બાબત.**

**તા.૦૫-૧૨-૨૦૨૨ના રોજ મોટા ભાગના શિક્ષકો/કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં રોકાયેલ હોઇ અને આ કામગીરી મોડા સુધી ચાલુ રહેવાથી ચૂંટણી પંચની સુચના મુજબ ચૂંટણીના બીજા દિવસે ચૂંટણીમાં રોકાયેલા શિક્ષકો/કર્મચારીઓને ઓન ડયુટી ગણવાના રહે છે. પરંતુ બાળકો શાળાએ આવશે તેમના માટે MDM અને શાળાની આનુષાંગિક વ્યવસ્થા ગોઠવવાની મુખ્ય શિક્ષકશ્રીએ કાળજી લેવી.**

તા.૦૩-૧૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી